

# પેટનું જણ્યું આવું વર્તન કરે એ વાત કાળીમાને કોરી ખાય

**બા, કોઈનુંય ઋણ નથી. જો આપવાનો કે નિમિત્ત બનવાનો અહંકાર કે ભાર રાખીએ તો કરેલી બધીયે સેવા એળે જાય. અમે જે કરીએ એ બધું 'કૃષ્ણાર્પણ'. બધું એ ઠાકરના ચરણોમાં ધરી દઈએ, પછી ઋણના બંધન ક્યાં રહે? લેનારોય એ ને દેનારોય એ, આપણે તો માત્ર વચલા ગાળાના વહેવારિયા!**

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

સંસારના કારમા ઘા સહન કરીને, જુવાનજોધ દીકરાઓની નનામીઓ જોઈને એ જીવ હવે ભીતરથી સાવ ભાંગી ચૂક્યો હતો. એમને હવે અનાજ કરતાંય આ સંસારના બંધનોમાંથી મુક્તિ જોઈતી હતી.

વૈશાખ-જેઠ મહિનાની આકરી બપોર. ચારે બાજુ સખત લૂ વાઈ રહી હતી. આવા અસહ્ય ઉકળાટમાં મહેસાણા જીલ્લાના રણાસણગામના એક ખૂણે, રાવળવાસમાં ગરીબીને એકલતાનો ઓથાર હેઠળ બે માવતર, કાળી મા અને હીરા મા એમના ઘરની બહાર એક લીંબડાના છાંયે બેઠાં હતાં. એમને આમ બેઠેલા જોઈ સહજ ભાવે પૂછાઈ ગયું, 'બા, આવી બળબળતી ગરમીમાં બહાર કેમ બેઠાં છો? ઘરમાં બેસો જરા નિરાંત લાગશે.' જવાબમાં હીરાબાએ કહ્યું, 'દીકરા, ઘરમાં પંખો તો છે, પણ ઉંદરોનો બહુ ત્રાસ. પંખાને ઘરમાં લટકતા લાઈટનાય વાયર એણે કાતરી નાખ્યા. હવે પંખો ચાલતો નથી.' નવો પંખો લાવવો કે વાયરિંગ કરાવવું એમના માટે આકાશના તારા તોડવા બરાબર. આમ જુઓ તો પંખાની કિંમત માંડ બારસો-પંદરસો રૂપિયા થાય પણ આ બેય બાની ક્ષમતા આટલા રૂપિયા કાઢવાની નથી.

કાળીમાને એક દીકરી, પણ એ દીકરીએ કોણ જાણે કેમ, છેલ્લા બે વર્ષથી સગી જનેતા સાથેનો સંબંધ કાપી નાખ્યો, પણ માનો જીવ એમ કાંઈ દીકરીને થોડું ભૂલે. શરૂઆતમાં કાળી માએ દીકરીને ઘણા ફોન કર્યા, એમને દીકરીની ખબર પૂછવી હતી, મળવાની ઈચ્છા ઘણી એટલે જાણે વલખાં મારતા હોય એ રીતે એમણે દિકરીને મળવા પ્રયત્ન કર્યો, પણ સામે છેડેથી કોઈ પ્રતિસાદ ન મળ્યો. અનેક દિવસો સુધી સતત ફોન કરીને બાએ પ્રયત્ન કર્યો, પણ પછી દીકરી સંબંધ રાખવા માંગતી નથી એવું બાને સમજાયુંને એમણે આખરે, ભગ્ન હ્રદયે ફોન કરવાનું છોડી દીધું. પેટનું જણ્યું આવું વર્તન કરે એ વાત હજુય કાળી માને અંદરથી કોરી ખાય છે.

જણનારી વવરાવી (વહરાવી) નહિ, જેણે લોહી પાઈને ઉછેર્યાં બાળ; આજે એ જ જણ્યાં સામે જુએ, જાણે આવી ઊભો કાળ! જે માતાએ પોતાનું લોહી દઈને, પેટે પાટા બાંધીને સંતાનોને ઉછેર્યાં હોય. આજે એ જ પેટના જણ્યાં એની સામે જાણે કોઈ કાળ સામે આવીને ઊભો હોય એવો વહેવાર કરે. આ બધું કેવું કપરું. કાળી માને દીકરી પાસે રહેવા જવું નથી પણ દીકરી વારેતહેવારે ઘરે આવે, એમની ખબર પૂછે એવી લાગણી ખરી, પણ દીકરીને મા માટે હવે સમય નથી. દીકરીએ કાળી મા સામેથી જાણે મોઢું ફેરવી લીધું. જે જનેતાના કાળજાનો કટકો થઈને તમે મોટા થયા, એ જ જનેતાના કાળજાનાં ડૂસકાં જો તમારા સુધી ન પહોંચે, તો એ જિંદગીની સૌથી મોટી કમનસીબી.

દીકરી સાથેના ભૂતકાળને વાગોળતાં કાળી માની આંખો ભીની થઈ ગઈ. વાતને બદલવા, "તે કાળી મા કાકા જીવતા ત્યારે શું કામ કરતા" એવું પૂછ્યું, જવાબમાં બાએ કહ્યું, 'એ તો બીજાની જમીન ભાગવી રાખી ખેતી કરતા. પણ એમાં કાંઈ ખાસ ભેગું ન થયું, બસ આ માથાની છત એમણે કરી આપી" એમ કહીને એમણે ઘર સામે જોયું. કાળીમાથી થતી ત્યાં સુધી એમણે મજૂરી કરી પેટિયું રળ્યું પણ હવે એમને શ્વાસ ચડે છે, બહુ ચલાતું પણ નથી. સરકારના વૃદ્ધ પેન્શનના બારસો-પચાસ રૂપિયા ને પાંચ કિલો અનાજ મળતું એના પર એ નભતા. કોઈની સામે હાથ લાંબો કરવો એમને ગમતો નથી, એટલે જેવું તેવું વેઠીને પણ એ દિવસો ખેંચતા. પણ ઉંમર થતા હાલત વણસી. એ વખતે ગામના કોઈએ અમને



એમની વાત કરીને અમે છેલ્લા ત્રણ વર્ષથી દર મહિને નિયમિત રેશન આપવાનું શરૂ કર્યું, હવે એ કોઈના ઓશિયાળા નથી.

બરાબર એમની જ પડખે રહેતા હીરા માની દશા પણ કરુણ. એમના ઘરવાળાને ગયે વર્ષો થયાં. એમને બે જુવાનજોધ દીકરા હતા, એમને પરણાવ્યાને ઘરમાં વહુઓ આવી. હીરા માને એમ કે હવે જિંદગીની સમી સાંજે થોડી નિરાંત થઈ, ત્યાં તો કાળનો કારમો પંજો ત્રાટક્યો. એક દીકરાને હાર્ટએટેક આવ્યો ને બીજો મગજની ગંભીર બીમારીમાં સપડાયો. બંને જુવાન દીકરાઓ માની નજર સામે દુનિયા છોડીને ચાલ્યા ગયા.

હીરા મા માટે હવે જિંદગી ભારરૂપ બની ગઈ. શરીર કામ કરતું બંધ થયું, ખાવા-પીવાની મોકાણ ઊભી થઈ, પણ પેટ તો સમય થાય એટલે ભાડુ માંગે. ના છૂટકે હીરામા લાકડીના ટેકે આખાય ગામમાં ફરીને કોકની પાસે ઘઉં, ચોખા કે દાળ માંગીને પેટનો ખાડો પૂરવા માંડ્યા. જ્યારે અમારી સંસ્થાના કાર્યકર રીઝવાભાઈ બાને મળ્યા ત્યારે હીરામા ગામમાંથી માંગીને ઘરે પાછા ફરી રહ્યા હતા. એમના ખભે લટકતી ભિક્ષાની થેલી ખોલીને બાએ ભીક્ષામાં માંગી આણેલા ઘઉં, ચોખાને દાળ બતાવતા કહેલું, "ઉંમરના આ પડાવે માંગવું કોને ગમે? એ પણ આખા ગામના ઉંબરા ખૂંદીને! પણ શું કરું?"

અમે એમને રાશન આપવાનું શરૂ કર્યું, એમને યાચનાવૃત્તિમાંથી મુક્તિ મળી, પણ હીરામાના મન પર એક જુદો જ પવિત્ર ભાર વર્તાવા માંડ્યો. એમણે બહુ માસૂમિયતથી કહ્યું, 'તમે આટલું પુણ્યનું કામ કરો છો, ભગવાન તમારું સાંભળે. તમે પ્રાર્થના કરોને કે ભગવાન અહીંથી મને ઝટ લઈ જાય! આ તમે આપો છો એ ખાવું છું, પણ મારા માથે એનું ઋણ તો ખરું ને? આ ઋણ આ જન્મે તો નહીં ચુકવી શકું, પણ આવતા જન્મે એને ચુકવવા મારે અહીંયા પાછું આવવું પડશે ને?' આપણો દેશ એ સંસ્કારને ખુમારીનો દેશ. અહીં ગરીબ માણસ કદાચ નસીબનો લાચાર હોઈ શકે, પણ એના લોહીના સંસ્કાર ક્યારેય ગરીબ નથી હોતા. એ મરી જાય પણ કોઈનું ઓશિયાળું ખાવાનું પચાવી શકતો નથી. મફતનું ધાન એના કાળજાને ખૂંચે છે. હીરામાના મુખેથી 'ઋણ' ચૂકવવાની આ વાત સાંભળીને ખરું 'ખમીર' એવું અનાયાસે બોલાઈ ગયું.

મેં એમના ધ્રૂજતા, કરચલીવાળા હાથને પકડીને વ્હાલથી કહ્યું, 'બા, કોઈનુંય ઋણ નથી. જો આપવાનો કે નિમિત્ત બનવાનો અહંકાર કે ભાર રાખીએ, તો કરેલી બધીયે સેવા એળે જાય. અમે જે કરીએ એ બધું 'કૃષ્ણાર્પણ'. બધું એ ઠાકરના ચરણોમાં ધરી દઈએ, પછી ઋણના બંધન ક્યાં રહે? લેનારોય એ ને દેનારોય એ, આપણે તો માત્ર વચલા ગાળાના વહેવારિયા!'

પણ બા બહુ થાક્યા હતા. સંસારના કારમા ઘા સહન કરીને, જુવાનજોધ દીકરાઓની નનામીઓ જોઈને એ જીવ હવે ભીતરથી સાવ ભાંગી ચૂક્યો હતો. એમને હવે અનાજ કરતાંય આ સંસારના બંધનોમાંથી મુક્તિ જોઈતી હતી. એમના મનની પીડા જોઈને કવિ કાગબાપુની પંક્તિઓ યાદ આવી, 'કાગ' એવા અવસર આપજે, જ્યારે જાય આ પાંજરું છૂટી; બીજી આશા બધીય આ જગતની, જાય જડમૂળથી તૂટી. જ્યારે જિંદગીની બધી આશા તૂટી જાય ત્યારે જીવ પરમાત્માના શરણની ઝંખના કરે. હીરા મા પણ હવે એ જ આખરી વિસામાની રાહ જોઈને બેઠાં છે. આવાં માવતરોની પાસે બે ઘડી બેસી એમને હાશકારો આપવાનું કરીએ તો ઘણું...